નોબત સંગત

વાસી ખોરાક પીરસનાર રેસ્ટોરન્ટ બદનામ થઈ જાય છે...

ન્યૂઝ, એડવર્ટાઈઝ અને એડવાઈઝ તાજેતરની જ હોય, બાકી બધા પબ્લિસિટીના વિવિધ પ્રકારો છે...

હવે પ્રિન્ટ-ઈલેક્ટ્રોનિક મીડિયા ઉપરાંત સોશિયલ મીડિયાના વિવિધ પ્રકારો સ્વયંભૂ અને સોશિયલ જર્નાલિઝમની નવી પહેલ છે, પરંતુ તેમાં સ્વયંશિસ્ત જરૂરી છે, નિરંકુશ કે બેજવાબદાર વલણો પગ પર કૂહાડો મારવા જેવા હોય છે

આપણે કોઈ રેસ્ટોરન્ટમાં જમવા જઈએ, અને વાસી ખોરાક પીરસવામાં આવે તો આપણે તરત જ તેની ફરિયાદ રેસ્ટોરન્ટના સ્ટાફને કરીએ છીએ, અને મોટાભાગે અન્યત્ર અલ્પાહાર કે ભોજન કરવા જતા રહીએ છીએ. આપણને તાજેતાજુ અને સ્વાસ્થ્યપ્રદ ખાવું-પીવું જ ગમે છે. આપણે વાસી ખોરાકને સ્વાસ્થ્યવિરોધી ગણીએ છીએ અને વાસી પદાર્થો ખાવા-પીવાથી ઘણી વખત સામૂહિક ફૂડ પોઈઝનીંગના કેસો પણ બનતા હોય છે.

સરકારી તંત્રો તથા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં આ પ્રકારના વાસી કે સ્વાસ્થ્યને હાનિકારક ચીજવસ્તુઓ વેંચનારાઓ સામે કડક પગલાં લેવા માટે અલાયદી ટીમો, અધિકારીઓ અને સ્ટાફ હોય છે, અને તેના દ્વારા ચેકીંગ થયા પછી તેને અખાદ્ય જણાય, કે પીવાલાયક ન હોય, તેવા પદાર્થો, ફળો, પીણાઓ અને તૈયાર ભોજનનો પણ સ્થળ પર જ નાશ કરી દેવામાં આવે છે, અને કેસ નોંધાય છે. ઘણી વખત આ પ્રકારના શંકાસ્પદ પદાર્થોના નમૂના મેળવીને લેબોરેટરીમાં મોકલવામાં આવે છે, અને તેના રિપોર્ટ નેગેટીવ આવે, તો કડક કાર્યવાહી કરવાની જોગવાઈઓ પણ છે.

ન્યૂઝ એટલે સમાચાર... સમાચાર એટલે જે ઘટના બની હોય, પ્રવૃત્તિ થઈ હોય કે ખાસ મેસેજીંગ (કોઈ સામૂહિક સંદેશ વહેતો કરવો હોય) નો ઉદ્દેશ્ય હોય, તેને જેવા સ્વરૂપે છે, તેવા જ સ્વરૂપે, પોતાના અંગત અભિપ્રાયો-વિચારસરણીથી અળગા રહીને ખૂબ જ ઝડપથી જનતા સમક્ષ મૂકવામાં આવે તે પ્રકારની પ્રક્રિયાને સમાચારની પ્રસ્તુતિ ગણી શકાય, તેવું મારૂ અંગત મંતવ્ય છે. હવે પછી યોજાનાર કાર્યક્રમો કે તેવી સંભાવનાઓને પ્રિ-પબ્લિસિટી અથવા પૂર્વ-પ્રસિદ્ધિ ગણી શકાય. પૂર્ણ વર્તમાન કાળમાં એટલે કે જસ્ટ હમણા જ પૂરી થઈ હોય, તેવી પ્રવૃત્તિને કે ઘટનાને હવે બ્રેકીંગ ન્યૂઝના સ્વરૂપમાં ત્રણેય પ્રકારના માસ મીડિયામાં મૂકવામાં આવે છે. ચાલુ વર્તમાનકાળમાં એટલે કે બની રહેલી ઘટના, પ્રવૃત્તિ કે પ્રસંગને જિવંત (લાઈવ) રજૂ કરવામાં આવે છે, જે પણ ત્રણેય પ્રકારના મીડિયાના માધ્યમથી રજૂ થાય છે. ઈલેક્ટ્રોનિક અને સોશ્યલ મીડિયામાં તો જિવંત પ્રસારણ (લાઈવ ટેલિકાસ્ટ) થાય જ છે, પરંતુ પ્રિન્ટ મીડિયા ગૃહો દ્વારા પણ હવે બ્રેકીંગ ન્યૂઝ દ્વારા આ પ્રકારના તાજેતરના (લાઈવ) અહેવાલો રજૂ થાય છે. પહેલાના જમાનામાં 'એડિશન' અથવા 'વધારો' બહાર પાડીને પણ આ પ્રકારના તાજેતરના મહત્વના સમાચારો પ્રસિદ્ધ થતા હતાં, અને તે પણ ઓલમોસ્ટ લાઈવ ટેલિકાસ્ટ કે બ્રેકીંગ ન્યૂઝ જેવું જ હતું, તેમ પણ કહી શકાય, ખરૂ કે નહીં?

આમ તો આ વિષય ઘણો જ વિશાળ છે, પરંતુ આજે આપણે જે સંદર્ભમાં ન્યૂઝની વાત કરી રહ્યા છીએ, તે મુજબ ન્યૂઝ એટલે કોઈપણ ઘટના, પ્રવૃત્તિ કે માસ મેસેજીંગની સાચેસાચી માહિતી કોઈપણ ઉમેરો કે પોતાના વિચારો ઉમેર્યા વગર વિવિધ માધ્યમો મારફત લોકો સમક્ષ રજૂ કરવી, એમ માનીએ તો એમ પણ કહી શકાય કે વાસી ન્યૂઝ રેસ્ટોરન્ટના વાસી ખોરાક જેવા છે, અને પોસ્ટ પબ્લિસિટી એટલે કે સંપન્ન થઈ ગયેલા કાર્યક્રમો, પ્રવૃત્તિઓ કે બનેલી ઘટનાઓ પણ જો સમયોચિત ગાળામાં પ્રસ્તુત થાય, તો જ તેની પ્રાસંગિકતા ટકી રહે અને લોકોને તેમાં રસ હોય, બાકી આ પ્રકારની પબ્લિસિટી સમયોચિત સમયગાળામાં ન થાય, તો તે ન્યૂઝનું સ્વરૂપ ગુમાવી દેતી હોય છે, તેમ હું માનું છું. હા, આ પ્રકારની સામગ્રીમાં ન્યૂઝ સ્ટોરીઝ, આર્ટિકલ્સ, સક્સેસ સ્ટોરી કે પ્રાસંગિક લેખો જેવા વિષયો હોય, તો તે યોગ્ય સમયે અલગ સ્વરૂપે પ્રસિદ્ધ થઈ શકે, પરંતુ 'સમાચાર' તો તાજેતાજા જ હોય, ખરૂ ને?

આર્ટિકલ્સ, સક્સેસ સ્ટોરીઝ, ફોટો સ્ટોરીઝ, ન્યૂઝ સ્ટોરીઝ, પ્રાસંગિક લેખો વગેરે વિષયો પણ ન્યૂઝની જેમ જ વિશાળ છે, અને તેના પર એકાદ પેરેગ્રાફમાં લખી શકાય જ નહીં, પરંતુ વાસી ન્યૂઝમાં આંકડાઓ, અપડેટ અને તવારીખ ઉમેરીને તેનો સદ્‌પયોગ કેવી રીતે થઈ શકે, તેનું માત્ર પર્સનલ પ્રદર્શન જ અહીં કર્યું છે.

એડવર્ટાઈઝમેન્ટ તો તેનાથી પણ મોટો, ગહન અને પરિવર્તનશીલ સબજેક્ટ છે. ન્યૂઝ, આર્ટિકલ કે સ્ટોરીઝ પ્રિન્ટ-ઈલેક્ટ્રોનિક કે સોશ્યલ મીડિયા મુજબ કાયમી નિયમિત અને એલ્ટાબ્લીસ્ટ ઢબે રજૂ કરવા માટે એડવર્ટાઈઝમેન્ટ મૂળ પોષક પરિબળ છે, અને આવકનો મહત્તમ સોર્સ છે, તેથી જર્નાલિઝમની દુનિયા, મીડિયા હાઉસીઝ કે પ્રિન્ટ મીડિયા માટે તો જાહેરખબરો (જાહેરાતો) અથવા એડવર્ટાઈઝીઝ 'ઓક્સિજન' જ ગણાય, પરંતુ હવે તો વિવિધ પ્રોડક્ટ્સનો પ્રચાર, માર્કેટીંગ અને વ્યવસાયિક વિસ્તૃતિકરણ માટે પણ એડવર્ટાઈઝમેન્ટ હૃદય જેવું કામ કરે છે, તેમ કહીયે તો ખોટું નહીં ગણાય.

એડવર્ટાઈઝમેન્ટ પણ ફેસ જ હોવું જરૂરી છે. કોઈ એવું કહેશે કે કેટલાક પ્રચલિત સાબુ, ટૂથપેસ્ટ, દૂધ, વોશીંગ પાઉડર વગેરેની જાહેર ખબરો તો દાયકાઓથી ચાલી રહી છે, તેથી તેને 'આઉટ ઓફ ડેઈટ' થોડી કહેવાય?

આ દલીલ તદ્દન સાચી છે, પરંતુ જે ચીજવસ્તુની દાયકાઓથી જાહેરખબરો સતત આવતી જ રહી છે, તે ચીજવસ્તુઓ સ્વયં ફ્રેશનેસ (તાજાપણું) જાળવી રાખ્યું હશે, અથવા તેની ગુણવત્તા યથાવત જળવાઈ રહી હશે કે પછી સમયાંતરે ગુણવત્તામાં સુધારા સાથે ક્વોલિટીમાં વધારા થતા રહ્યા હશે. ઓડવર્ટાઈઝ પણ તાજેતાજી જ ફળદાયી નિવડે અને હવે તો ખોટી અને મોટી મોટી જાહેર ખબરો આપનારા દંડાવા પણ લાગ્યા છે, તેથી થોડુ સાવચેત રહેવા જેવું પણ ખરૂ...

એડવાઈઝના પણ ઘણાં પ્રકારો છે.. મોટા મોટા બિઝનેસમેનો, ઉદ્યોગપતિઓ, સરકારો, બંધારણીય હોદ્દાઓ પર કાર્યરત કેટલાક મહાનુભાવો અને સંસ્થાઓ દ્વારા પણ તોતિંગ પગારદારી એડવાઈઝરો નિમવામાં આવતા હોય છે. આ એડવાઈઝરોની ભૂમિકા મોટાભાગે પબ્લિક ડોમેનમાં આવતી હોતી નથી પરંતુ મહત્વપૂર્ણ હોય છે. જો આ એડવાઈઝરો સંમત સમયને અનુરૂપ અને સતત અભ્યાસરત રહીને, જે ઉદ્દેશ્ય માટે તેને સલાહકાર નિમ્યા હોય તેની તાજેતાજી સલાહ આપવામા નિષ્ફળ જાય તો તે એક મિનિટ પણ ટકી ન શકે તે હકીકત છે.

વ્યક્તિગત સલાહોમાં તો એવું છે કે જ્યારે આપણે કોઈની સલાહ માંગીએ ત્યારે તે સલાહ આપે તેના પર પૂરેપૂરો વિચાર કરીને તે સલાહ માનવી કે નહીં, તે તરત જ નક્કી કરી લેવું જોઈએ અન્યથા વધતું જતું કન્ફ્યુઝન ખોટો નિર્ણય લેવડાવી શકે છે.

કોઈને સલાહ આપી હોય અને તેનો અમલ જ ન થાય કે વિલંબથી થાય તો તે પણ વાસી ખોરાક જેવું જ ગણી શકાય. એડવર્ટાઈઝમેન્ટ ફેક્ટર સૌથી વધુ જવાબદાર ફેક્ટર છે અને આ ક્ષેત્રમાં જરાપણ ચૂકી જવાય તો તેના અનપેક્ષિત માઠા પરિણામો આવતા હોય છે અને તેના ઘણાં દૃષ્ટાંતો પણ મોજૂદ છે.

ઈન્ટરનેટ યુગમાં હવે સોશિયલ મીડિયાની ભૂમિકા પણ વધી રહી છે. પ્રિન્ટ-ઈલેક્ટ્રીક મીડિયા પણ પૂરક પ્રવૃત્તિઓ માટે સોશિયલ મીડિયાનો ભરપૂર ઉપયોગ કરે છે. સોશિયલ મીડિયાના વિવિધ પ્રકારોના કારણે સ્વયંભૂ જર્નાલિઝમની નવી પહેલ પણ થઈ છે પરંતુ તેમાં સ્વયંશિસ્ત રાખવું પણ અત્યંત જરૂરી છે. જો સોશિયલ મીડિયા મારફત એવી પ્રવૃત્તિ થઈ જાય કે જે કાનૂન કે નિયમ વિરોધી હોય કે પછી આધારવિહોણા તથ્યો પર આધારિત હોય તો તેના માઠા પરિણામ આવી શકે છે. એમ પણ કહી શકાય કે તેવું કરવું પોતાના જ પગ પર કુહાડો મારવા જેવું પણ થઈ શકે છે. તેથી એલર્ટ અનિવાર્ય છે.

પ્રિ-પબ્લિસિટી, પ્રેઝન્ટ પબ્લિસિટી અને પોસ્ટ પબ્લિસિટીના વિષયો ભલે કોલેજો કે ટ્રેનીંગ સેન્ટરોમાં વિસ્તૃત રીતે ભણાવાતા હોય પણ જ્યારે પ્રેક્ટિકલી તેના ઉપયોગો અને સંદર્ભો પરિવર્તનશીલ જ રહે છે. દૃષ્ટાંત તરીકે કોઈ મીડિયા હોય કે સરકારી મીડિયામાં નક્કી કરેલી પોલિસીઓને અનુસરવું હોય ત્યારે તેના ધારા-ધોરણો મુજબ જ કામ કરવું પડે.. એવું મારૂ માનવું છે. જો કે પોસ્ટ પબ્લિસિટીની પણ એક સમય મર્યાદા હોય છે. આપણે ઘણી વખત જન્માષ્ટમી પર્વની ઉજવણીના સમાચારો (ન્યૂઝ) છેક દિવાળી નજીકના સમયે વાંચીએ છીએ અને ૧૫મી જાન્યુઆરી સુધી ચાલતા હોય, તો તે પોસ્ટ પબ્લિસિટી તો ગમે ત્યારે થઈ શકે તેવી માનસિકતાનો દૂરુપયોગ જ થયો ગણાય, ઘણી વખત કોઈ કાર્ય ખોટું ન હોય પરંતુ ઉચિત ન ગણાતું હોય તો તેને એવોઈડ કરવું જોઈએ, ખરુ કે નહીં..?

આ માત્ર વિચારો છે.. વિરૂદ્ધ ભાવે કોઈ પણ લાવલપેટા વગર મનની વાત કરી છે.. જેટલી સાચી લાગે તેટલી સ્વીકારજો... ખોટી લાગે તેટલી એવોઈડ કરજો...

વિનોદ કોટેચા

મન હોય તો માળવે જવાય

૧૯ એપ્રિલ: વિશ્વ લીવર દિવસ

દર વર્ષ ૧૯ એપ્રિલના વિશ્વ યકૃત દિવસ (વર્લ્ડ લીડર ડે) મનાવાય છે. ભારતમાં દર્દીઓના થતાં મૃત્યુના દસ ટકા મૃત્યુ લીવર અથવા લીવરને લગતી બીમારીઓના કારણે થતાં હોવાનું કહેવાય છે.

આપણા શરીરમાં લીવર સંક્રમણ અને બીમારીઓ સામે લડવું, સુગરનું બેલેન્સ કરવું, શરીરમાંથી ઝેરીલા પદાર્થોને બહાર કાઢવા, કોલેસ્ટ્રોલેન્ને બેલેન્સ કરવું, પિત્તનું વિમોચન અને લોહીની ગુણવત્તા જાળવવા જેવા કામો કરે છે. લીવરમાં સોજો ચડે, તેને હેપેટાઈટીસ કહે છે. જેના હેપેટાઈટીસ 'એ' અને 'બી' વગેરે પ્રકારો છે. તે ઉપરાંત સિરોસીસ અને લીવરનું કેન્સર પણ જીવન સામે ખતરારૂપ ગણાય છે. જેની સામે વૈશ્વિક જાગૃતિ માટે આ ઉજવણી દુનિયાભરમાં વર્ષોથી થતી રહી છે. આલ્કોહોલનું સેવન લીવરની બીમારીઓનું એક મોટું કારણ કોઈ, નશાકારક પદાર્થોને ત્યજવાનો સંદેશ આપતા વિવિધ કાર્યક્રમો યોજાતા હોય છે.

વિશ્વ આરોગ્ય સંસ્થાના આંકડાઓ મુજબ છેલ્લા સાડા ત્રણ દાયકામાં લીવર કેન્સરના કેસોમાં ૧૦૦ ટકાનો વધારો છે, જે ચિન્તાજનક છે. અંગ્રેજીમાં લીવરના નામ મુજબ ગૂણ છે. લીવર મજબૂત હોય તો જ જિંદગી જીવવાની મજા આવે.

૨૨ એપ્રિલ : વિશ્વ પૃથ્વી દિવસ

દર વર્ષે ૨૨ એપ્રિલે મનાવાતા પૃથ્વી દિવસે વિશ્વશાંતિ ઉપરાંત દુનિયાભરમાં પર્યાવરણ જાગૃતિ અને પૃથ્વીના સંરક્ષણ માટે જનજાગૃતિ ફેલાવવાના ઉદ્દેશ્યથી વિવિધ કાર્યક્રમો, પ્રવૃત્તિઓ, સ્પર્ધાઓ, વર્કશોપ, સેમિનારો, અને ચિત્ર-પ્રદર્શનો વગેરે યોજાય છે, અને રેલીઓ પણ નીકળે છે.

વર્ષ-૧૯૬૯ માં પહેલી વખત યુનેસ્કોમાં વિશ્વ શાંતિના પ્રણેતા જોન મૈકકોનોલે પૃથ્વી દિવસ ઉજવવાની જરૂર જણાવી હતી, તે પછી વર્ષ ૧૯૭૦ માં પહેલો પ્રથમ દિવસ અમેરિકાએ મનાવ્યો હતો. તે પછી ડેનિસ હેસની પહેલથી પૃથ્વી દિવસની વિશ્વકક્ષાએ ઉજવણી થઈ અને તેમાં ૧૪૧ દેશોએ ભાગ લીધો હતો.

આ વર્ષની થીમ 'પૃથ્વી વિરૂદ્ધ પ્લાસ્ટિક' છે. આ થીમના માધ્યમથી વિશ્વભરમાં વધી રહેલી પ્લાસ્ટિકના ઉપયોગથી માનવ જીવન સામે કેટલો ખતરો વધી રહ્યો છે અને તમામ જીવોના સ્વાસ્થ્ય પર કેટલો દૂષભાવ પડી રહ્યો છે, તે અંગે લોકોને જાગૃત કરવા માટે દુનિયાના દેશોમાં વિવિધ જનજાગૃતિના કાર્યક્રમો દ્વારા સંદેશ ફેલાવવાનો ઉમદા ઉદ્દેશ્ય છે.

વાત ક્યારેક સાચી લાગે કે 'નિષ્પાપ રહી, પૂરી નિષ્ઠાથી સૌનું કલ્યાણ ઈચ્છી સૌનું ધ્યાન રાખો તો ઈશ્વર કોઈપણ સ્વરૂપે પડખે ઉભા જ રહે છે'

વસંત અને વાસંતી અત્યંત પ્રેમાળ યુગલ, એમને કોઈ દુશ્મન નહિ. એમને બધા સાથે ફાવે, એ લોકોને કોઈ સાથે ન ફાવે તો એ બન્ને એમનાથી અંતર બનાવી લે. સંબંધ ના બગાડે. આ બન્ને પહેલેથી જ એવા કલ્પનામાં ન આવે એવા સંતોષી જીવ. આ બન્ને કોલેજમાં હતા ત્યારે પણ જે મળ્યું એનાથી સંતુષ્ટ હોય અને જે ના મળે તો કહે કે આપણા નસીબમાં નહિ હોય અથવા આપણે યોગ્ય નહિ હોય. એ લોકો એમ માને કે ઈશ્વર દરેકને એમના જોગું આપી જ દે છે.એટલે એ આપે જ. આપણને શું દુઃખ છે? પહેરે ,ઓઢયે, ઓટલે અને રોટલે જરાય દુઃખ છે? અપેક્ષા રાખે એ દુઃખી થાય. આપણે કોઈ અપેક્ષા રાખતા જ નથી.

આ વિચારો આ બન્નેના હતા. આ બન્નેના માતાપિતા પણ સરળ બન્નેના પિતા બેંકમાં સાથે નોકરી કરતા હતા. એ લોકોએ જ પોતાના સંતાનોનું અંદર અંદર નક્કી કરી નાખ્યું હતું પણ સંતાનોને કહેવું નહિ. વસંત વાસંતી સાથે પહેલા ધોરણથી સાથે ભણતા બધું જ સાથે. કોલેજમાં આવ્યા અને વિચારો, શોખ પસંદગી બધું મળતું આવે એટલે યુવાન વયે જુદી જ લાગણી બંધાય અને એ થયું .અત્યાર સુધી અસ્સપસ્સ લાગણી તો હતી જ પણ હવે કાંઈક જુદી જ ઉભરવા માંડી જેને આપણે કહીએ કે અસ્સપસ્સે પ્રેમમાં પડયા છે એ લાગ્યું. જોકે બન્નેના માં બાપ એ લોકોનામાં થયેલા ફેરફારોને સમજી ગયા હતા. હવે જોવાનું એ છે કે એ લોકો માં બાપને કહે ક્યારે કે અમારે એક થવું છે.

આ વડીલો એ સરળ બનાવ્યું , એક દિવસ એક જ સમયે બન્ને પોતપોતાના ઘરમાં હતા અને એમના માતાપિતાએ કહ્યું વસંતને કહ્યું કે કાલે રવિવાર છે, તારા માટે છોકરી જોવા જવાનું છે. એ વાસંતીના પિતા રમણીકરાયના સંબંધી છે. એ જ સમયે વાસંતીના પિતાએ કહ્યું કે કાલે રવિવારે એક પરિવાર તને જોવા આવવાનું છે , છોકરો બહુ જ સારો છે. તારા સ્વભાવને અનુકૂળ . એ લોકો વસંતના પિતા જયકાંત ભઈના સંબંધી છે. કાલે જવાનું છે , કાલ સવારે વસંતને ઘેર એ લોકો આવશે અને જયકાંતભાઈએ છોકરાના પરિવાર સાથે અહીં આવશે , એ લોકો જાય પછી વસંતને લઇ જયકાન્તભાઈ છોકરી વાળાને ઘેર વસંત માટે જશે. જોકે જયકાન્તભાઈએ કહ્યું છે કે તમે પણ આવજો પરિવાર સાથે. આપણે બન્ન ના શુભ સંબંધ કરી નાખીએ. બન્ને પોતપોતાના ઘેર મુંજાય કે આપણે આપણા માં બાપ ને કહ્યું નહિ અને ક્યાંક ગોઠવાઈ જશે. હદ તો ત્યાં થાય છે કે બન્ને સંતોષી એટલે મનોમન કહે કે ઈશ્વરે જુદું નિર્માણ કર્યું હશે એટલે સાથે જીવનસાથી નહિ બની શકીયે. હશે જેવી ઈશ્વરની ઈચ્છા.

રવિવારની સવારે બન્નેના ઘરના સરસ તૈયાર થવા માંડયા વાસંતીને ઘેર તો નાસ્તા તૈયાર થવા માંડયા , ગોળ ધાણાની થાળી તૈયાર થઇ, મીઠાઈ ગોઠવાઈ , વાસંતી કહે કે આ શું? જાણે નક્કી જ હોય એમ તૈયારી? હજુ એકમેક ને જોવા દો , એ હા પાડે , મને છોકરો ગમે અને હું હા પાડું તો ગોળધાણા અને મોઢું મીઠું થાય ,એ સિવાય બારોબાર નક્કી?

અહીં વસંતના પિતા જયકાંતભાઈએ વસંતને કહ્યું કે સરસ તૈયાર થાજે. પહેલા સામે રમણીકરાય ને ઘેર જાશું પછી બન્ને પરિવાર આપણે જે છોકરી જોવા જાવાનું છે ત્યાં જાશું અને પછી બધા સાથે જમવા જાશું. વસંત કહે પહેલા મને છોકરી જોવા દો, છોકરીને હું પસંદ પડું પછી જોશું. જયકાન્તભાઈ કહે મને ખાતરી છે અસ્સપસ્સ ગમશે જ. આજે જ નક્કી. સાંજે સગાઇ હોલ્પન બુક છે. તારી અને વાસંતીની સગાઇ એક જ સ્થળે. વસંત કહે ઓહ્હહહહ આટલી હદે? કમાલ છો તમે લોકો. આટલો આત્મવિશ્વાસ? વાસંતી અને જે છોકરો હશે એ એકબીજાને ગમશે જ અને હું અને ઓલી છોકરી એકબીજાને ગમશું જ, નક્કી પણ એટલું જ કે સગાઇ કરશું. વાહ.

વસંત એના માતા પિતા સાથે વાસંતીને ઘરે ગયા રમણીકરાય અને એમના પત્નીએ આવકાર્યા , બધા બેઠા . વાસંતી એ એના પિતાને કહ્યું કે છોકરા વાળા ક્યારે આવશે? રમણીકરાય કહે બહુ ઉતાવળ તને તો?" ત્યાં વસંત બોલ્યો હા એક વાત પતે ને? એ પછી આપણે મારા માટે છોકરીવાળા ને ત્યાં જઈએ. તમે નક્કી જ કરી નાખ્યું છે તો વાત પતે. તમે અત્યારે રાજી થાવ અમે રહેતા રહેતા થાશું. રમણિકરાય અને જયકાંતભાઈ બન્ને બોલ્યા , આપણે બધા અત્યારે જ રાજી , રમણિકરાય કહે તમે લોકો શું કરવા પછી રાજી? બેટા જયકાન્તભાઈ જ છોકરા વાળા અને અમે છોકરી વાળા, તમારા બન્ને માટે અરસ પરસ , બોલો છે મંજૂર? તમારા બન્નેના વિચારો મુજબ ઈશ્વરે આ જ નિર્માણ કર્યું છે. લાગણીનો ઉભરો તો જુવો , બધાની હાજરીમાં વસંત વાસંતી ભેટી પડ્યા , એ સાંજે સગાઇ થઇ અને બે મહિનામાં લગ્ન. વસંત વાસંતીના લગ્ન થયા અને તેઓ એમના સંસારમાં ઓતપ્રોત થઇ ગયા. વસંતની સરસ નોકરી હતી. એ કંપનીના માલિકનો એ પ્રિય હતો કારણ કે એ કામમાં બહુ જ ચોક્કસ હતો. એક તો આવડત બહુ જ. લખવા બોલવામાં કે વહેવારમાં ભાષા બહુ જ સરસ. શાંતિથી જ વાત કરવાની એને કોઈએ ઉંચા નહિ જોયો હોય. એનો વિશેષ ગુણ એ કે કોઈ કામ બાકી નહિ રાખવાનું અને કોઈ કારણસર રહી જાય તો એની ડાયરીમાં હોય , દિવસે સૌ પ્રથમ એ કામ કરે. કોઈ માગણી નહિ. સંતોષ.

વાસંતી નોકરી કરતી હતી પણ બીજા બાળક પછી બન્ને એ નક્કી કર્યું કે વાસંતીએ નોકરી નહિ કરવાની , વસંતે બીજી એક પાર્ટટાઇમ નોકરી સ્વીકારી લીધી.એ જ્યાં ફુલટાઇમ નોકરી કરતો હતો એ જગ્યાની આગળ જ એક કોમ્પ્લેક્ષમાં હતી. છ મહિના એ ચાલ્યું . વસંત રોજ સવારે સાત વાગે ટિફિન લઇ નીકળી જાય. ત્યાં બે કલાક કામ કરે અને પછી એની ફુલટાઇમ જોબ પર. રવિવારે એ પાર્ટટાઇમ નોકરી પર બારથી પાંચ કામ કરે અને આખા અઠવાડિયાનું બધું પતાવી દે. એક દિવસ એના સાઢેબે એને જોયો પાર્ટટાઇમ નોકરીએથી નીકળતા , સાઢેબને વિચાર આવ્યો કે આ અહીં આ સમયે? કોઈ શોપ તો ખુલી નથી. એ દિવસે એ કાંઈ ના બોલ્યા , બીજા દિવસે એ જ સમયે એ કોમ્પ્લેક્ષ પાસે જઈ ઉભા રહ્યા . દસ વાગે એમણે વસંતને લીફ્ટમાંથી નીકળતા જોયો , એમણે જોયું કે આ અહીં પાર્ટટાઇમ જોબ કરતો લાગે છે. વસંતને જોવા દીધો , આગળ જઈ એ કંપનીના કમ્પાઉન્ડ તરફ વાળ્યો એ પછી ડ્રાઇવરને કાર ચલાવવા કહ્યું. -- એ ઓફિસે પહોંચ્યા અને વસંતને એના ટેબલ પર ગોઠવાઈ કામ કરતો જોયો. એણે કોમ્પ્યુટર ચાલુ કરી ફાઈલો કાઢી આ બધું શેઠે જોયું. શેઠ કેબિનમાંથી વસંતને જોઈ શકતા હતા. એ જોયા કરતા હતા. અહીં એક વાત વિચારવા જેવી છે કે જે માણસો કોઈને કાંઈ કહે નહિ ,નિષ્ઠાથી પોતાનું કામ કર્યે જાય , પોતાની તકલીફ ,ઈચ્છા કોઈને કહે નહિ ,જે આવક હોય એમાં પોતાનું ગોઠવી લે, પોતાનો ખ્યાલ પછી કરે બાળકો નું જ વિચારે , કોઈનું ખરાબ ન વિચારે ,કોઈ તકલીફમાં હોય તો ધ્યાન રાખે. પોતાની તકલીફ કોઈને કહે નહિ ,એનું ઈશ્વર ધ્યાન રાખે. ઈશ્વર એમના મનની વાત સાંભળી એનું કલ્યાણ કરે. એની ઈચ્છા પુરી કરે ભલે કોકના દ્વારા પણ કરે. વસંતે કામ શરુ કરતા પહેલા ટેબલ પર ચા આવી એ પી લીધી . પછી કામ શરુ કરતો હતો ત્યાં શેઠે એને કેબિનમાં બોલાવ્યો. વસંત તરત ગયો ,એમ વિચારીને કે શેઠ ને કાંઈક અરજન્ટ હશે. એ અંદર ગયો અને શેઠે કહ્યું બેસ મારી સામે. એ બેઠો અને શેઠે કહ્યું " તું આગળના કોમ્પ્લેક્ષમાં કોઈ કંપનીમાં કામ કરે છે? વસંતે હા પાડી અને તરત બોલ્યો "પણ હું અહીં સમયસર આવી જાઉં છું" શેઠ કહે મને ખબર છે. તારી ચોકસાઈ માટે મને માન છે, તારા જેવું સિન્સિયર કોઈ હોય જ નહિ, કામ બાબતે ત ારા માટે કોઈ ફરિયાદ હોય જ નહિ. તું આટલો બધો સંતોષી કેવી રીતે હોય? જાણું છું ત્રણ બાળકો ના ખર્ચ હોય , તું એવો માણસ છે કે તારી ઈચ્છા, જરૂરિયાત એકબાજુ મૂકી બાળકોનું જ બધું કરે, તને એમ થાય કે એમને ઓછું ના આવે . વસંત તું પણ માણસ છે, અત્યારે બાર કલાક કામ કરીશ તોય કાંઈ નહિ થાય પણ પાછલી ઉમરે શરીર જવાબ દેશે. એ પાર્ટટાઇમ બંધ કર હું એટલો પગાર વધારી આપું છું. તને પ્રમોશન આપીને. કાલથી ત્યાં કામ પર કહીને આવજે હવે બંધ. વસંત કહે "શેઠ આ રવિવાર સુધીમાં એમનું બધું ગોઠવી દઉં જેથી એમને તકલીફ નહિ. માર્ચ એન્ડનું બધું બાકી હતું. એ કરી લઉં , શેઠને થયું કે આવા પણ માણસો હોય. વસંતે ત્યાં કહી દીધું , રવિવારે બધું ગોઠવી દીધું , સાંજે નીકળતો હતો ત્યારે એના માલિક આવ્યા. એમણે વસંતને બમણો પગાર આપ્યો અને કહ્યું કે તમે જે કામ કર્યું એનાથી અમને ફાયદો થયો એની ખુશીમાં બમણો પગાર. વસંત ભાવવિભોર થયો. એણે ઘેર જઈ વાસંતીને કહ્યું કે, મારા શેઠે મને પ્રમોશન આપી પગાર વધાર્યો અને, પાર્ટ ટાઈમવાળા એમને બમણા પૈસા આપ્યા. વાસંતી કહે "ઈશ્વર ધ્યાન રાખે છે હો, સ્કૂલ શરુ થતા પહેલા એમનું બધું લેવાઈ જાશે.

આમ ને આમ બાળકો મોટા થવા માંડયા, બાળકોમાં પણ વસંત વાસંતીના સંસ્કાર, સ્વભાવ આવે ને બે દીકરી અને એક દીકરો. ત્રણેય અંદર અંદર વાતો કરે કે મમ્મી પપ્પા આપણું બધું કરે છે , આપણી બધી જરૂરિયાતો, શોખ મોજ મજા . દર રવિવારે આપણને બહાર લઇ જાય બધું જ આપણને ગમતું કરાવે પણ એ લોકો તો કાંઈ પોતાના માટે કરતાં જ નથી. આપણે મોટા થઇ એમની બધી ઈચ્છા પુરી કરશું. આમને આમ બાળકો ભણી રહ્યા બે દીકરીઓ પરણી ગઈ એક પરદેશ ગઈ એક અહીં નજીક જ. વસંત હવે રીટાયર થવાનો હતો. એક રાત્રે મોટી દીકરી જે અહીં હતી એ ભાઈએ કહ્યું એટલે રોકવા આવી હતી, ભાઈએ કહ્યું કે બહેન તું આવ, કાલે પપ્પા રિટાયર થશે. એમની કંપનીએ ખાસ વિદાય સમારંભ રાખ્યો છે , આપણે જાશું. બહેન આવી ગઈ, રાત્રે બધા જમી વાતો કરતા બેઠા.નાનીને પણ ત્યાં સવાર પડી હતી એને ઓનલાઇન લીધી. દીકરાએ પૂછ્યું કે પપ્પા કાલે તમે રીટાયર થશો પછી શું આયોજન છે? વસંત કહે કે જ્યાં બહુ પહેલા પાર્ટ ટાઇમ કરતો હતો એમને ત્યાં કામ શરૂ કરીશ. અમે તમારા કોઈ પર બોજ નહિ બનીયે. આટલું કહેતા વસંત વાસંતી ની આંખો ભીંજાઈ ગઈ એ સાથે દીકરો દીકરી પણ એમની નજીક આવી ગયા અને આંખમાં આંસુ સાથે કહેવા લાગ્યા કે "આવું કેમ બોલો છો? અમે તમારા પર બોજ હતું? તમે જીવનમાં શું મજા કરી? બધી ઈચ્છાઓ ,મોજ શોખ ,અરમાનો સંકેલી મૂકી દીધા હતા અમારા માટે , મમ્મી પપ્પા હવે અમારો વારો. વાતાવરણ ભાવસભર હતું. પેલી નાની જે ઓનલાઇન હતી વિડીયો પર એણે કીધું કે પપ્પા મમ્મી તમે બન્ને અહીં રહવા આવશો. ભાઈ તું એમની બધી વ્યવસ્થા કર વિઝા વગેરે એ પછી હું અહીંથી ટિકિટ મોકલીશ. ત્રણેયે કહ્યું કે હવે કોઈ જ કામ નહિ કરવાનું માત્ર મોજમજા કરવાની.

આ સંસ્કારી સંતાનો , દરેક જગ્યાએ લોકો કહે છે એવું નાથી હોતું , પાકલી ઉંમરે બાળકો માં બાપને જીવન માણવા જેવું છે એ સિદ્ધ કરી આપે. રાત્રે સૂતી વખતે વાસંતીએ વસંતને કહ્યું કે "આપણે સૌ નું ધ્યાન રાખ્યું, ઈશ્વરે ધ્યાન રાખ્યું કારણ આપણે માથે ઈશ્વર રાખી નિષ્ઠાથી કામ કર્યું કોઈનું ખરાબ ના વિચાર્યું. જતું કર્યું હશે, ચાલશે , ફાવશે , કાંઈ વાંધો નહિ વિચારી સંતોષ મય જીવન જીવ્યા , ઈશ્વર હવે બધું આપવા બેઠા છે.

હરેશ ભટ્ટ

સંવેદના

Samvedna@nobatsangat.com

બટન દબાવો અને ભુલી જાવ..

સુપ્રિમ કોર્ટમાં ઘબઘબાટી બોલે છે. ઈવીએમ હટાવો, એલા લીવ ઇનમાં નથી લીધું લગન કરીને લાવ્યા છીએ. અને ઈવીએમ એટલે નાનું બાળક સમજો છો? કે લાભ મળે તો એડજેસ્ટ થઈ જાય? મારુ મગજ પણ ક્યાંથ